


ગાંધીનગર સારા વસાહતીઓનું નગર કહી શકાય કે નહી તે પ્રશ્ન ઘણીવાર ઉદ્‌ભવે છે. અહીં ભણેલો સમજુ નોકરીયાત વર્ગ રહે છે. છતાં રોજ કંઈક ને કંઈક રીતે તેમની આ સિદ્ધિને પડકાર મળતો જ રહે છે. વીજ કંપનીઓના આ ખુલ્લા પોઈન્ટ જોઈ ફરિયાદ કરનારા ઘણા છે. પરંતુ આને ચોરી જનારા કે તેને નુકશાન પહોંચાડાનારા વિશે આ જ જાગૃત નાગરિકો કેમ કશુ વિરોધ નથી કરતાં તે સમજાતું નથી. (કશ્યપ નિમાવત)

# મધ્યમવર્ગના પરિવારોનું મકાનનું સ્વપ્ન સાકાર કરવા અનોખી સ્કીમ

ગાંધીનગર, તા. ૭

જમીનના વધતા ભાવની સાથે આમ આદમી માટે પોતાનુ મકાન બનાવવાનુ સ્વપ્ર સાકાર કરવાનું કામ મુશ્કેલ બન્યું છે. આવા સંજોગોમાં મધ્યમ વર્ગને પોષાય તેવી કિંમતે ફ્લેટ નથી પરંતુ ટેનામેન્ટ વગર રો હાઉસ બનાવવાની યોજના માટે ડીઝાયર ઈન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યરત હોવાનું બિલ્ડર સૂરજ પાંડેએ આજે જણાવ્યું હતું. તેમના જણાવ્યા મુજબ માત્ર મધ્યમ વર્ગના પરિવારોને લકઝરી પુરી પાડવા તેમણે આ પ્રકારની યોજનાનું કામ હાથ ધર્યુ છે.

ગુજરાતના પ્રોપર્ટી બજારમાં જે પ્રકારની ડિમાન્ડ છે તેમાં મધ્યમ વર્ગને સ્થાન મળે તેવા આશયથી લેકાવાડાથી દહેગામ માર્ગ પર ૮૫ બંગલાઓ બાંધવાની સ્કીમ મુકવામાં આવી છે. સૂર્યાંશ રેસીડન્સીના નામાભિધાન સાથે આ સ્કીમ હેઠળ મકાન વાંચ્છુઓને ડુપ્લેક્ષ બંગલા બાંધી આપવામાં આવશે. જેની વિશેષતા મુજબ સુપર બિલ્ડઅપ એરિયાનો ભાવ નહીં પરંતુ નેટ એરિયા મુજબ જ કિંમત વસુલવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે આજે બિલ્ડરોની ખરીદી મોંઘી હોવાથી વેચાણ પણ મોંઘુ થઈ ગયું છે. પરંતુ નફાનુ ધોરણ ઘટાડીને પણ આમ પરિવારોનું સ્વપ્ર સાકાર કરવાના ધ્યેય સાથે આ સ્કીમનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

## રેશનલ સમાજની આજે બેઠક મળશે

ગાંધીનગર, તા. ૭

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક તા. ૮મી માર્ચના રોજ સાંજે ૫.૦૦ વાગે બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ, સેક્ટર-૨ ઉમાં મળશે.

જાણીતા રેશનાલીસ્ટ શ્રી કિરીટભાઈ શાહ 'ફળ જ્યોતિષ અને વિવેકબુદ્ધિવાદ વિષય પર વક્તવ્ય આપશે. રેશનલ સમાજ ગાંધીનગરના મંત્રીશ્રી પંકજભાઈ પટેલે જણાવેલ છે.

## જાગૃત નાગરિક પરિષદની મિટીંગમાં વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા કરાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની માસિક બેઠક ગઈ કાલે મળી હતી. બેઠક સંસ્થાના પ્રમુખ લવજીભાઈની અધ્યક્ષતામાં યોજવામાં આવી હતી. બેઠકમાં શહેરના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. તેમજ તેના નિરાકરણ માટે સભ્યોની વિવિધ સમિતીઓ બનાવવામાં આવી હતી. બેઠકમાં સેક્ટર-૭ શાક માર્કેટમાં ગંદકી ખદબદે છે. આ ગંદકી દુર કરાવવી, લોકસભા ચૂંટણીને લઈ પરિષદ દ્વારા જાગૃતિ વિશેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવશે તેમજ વિવિધ જાગૃતિ વિશેના પગલા લેવામાં આવશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

તંત્ર દ્વારા ગતિ અવરોધક મુકાયા છે તે પ્રશંસનીય છે કે જેથી કરીને વાહનોની સ્પીડ પર નિયંત્રણ લાદી શકાય અને અકસ્માતો નિવારી શકાય. પણ આ ગતિ અવરોધકમાં થોડી ખામી રહી ગઈ છે. તેમાં ફીટ કરવામાં આવેલ ખીલ્લા પુરેપુરા વ્યવસ્થિત ન બેસાડ્યા હોવાને કારણે વાહનોના ટાયરોને નુકશાન થવાની પુરેપુરી સંભાવના છે.

# સરગાસણ પાસેથી દારૂ બિયર ભરેલી કાર ઝડપાઈ

### અલ્ટો ગાડીમાંથી ૯૬ બિયર અને ૨૪ વિદેશી દારૂની બોટલ મળી : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીક સરગાસણ પાસે એક સોસાયટીમાં મકાન બહાર વિદેશી દારૂ-બિયર ભરેલી કાર પડી હોવાની બાતમીને આધારે સે. ૭ પોલીસની ટીમે દરોડો પાડી રૂ. ૧.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. જો કે બુટલેગર હજુ સુધી ફરાર છે.

સરગાસણ રોડ પર એક સોસાયટીના મકાનની સામે પાર્ક થયેલી ગાડીમાં વિદેશી દારૂ અને બિયરનો જથ્થો પડ્યો હોવાની બાતમી સેક્ટર-૭ પોલીસ મથકના કોન્સ્ટેબલ યજવેન્દ્રસિંહને મળતા પી.એસ.આઈ. એ.જે. ભરવાડ, પો.કે. રતનસિંહ સહીતની ટીમે ગઈ મોડી સાંજે દરોડો પાડ્યો હતો. બાતમી વાળી અલ્ટો ગાડીમાં તપાસ કરતાં તેમાંથી ૨૪ નંગ વિદેશી દારૂની બોટલ અને ૯૬ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે ૧.૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર વિનોદ અભુજી ઠાકોરની શોધખોળ શરૂ કરી છે.

## રૂદ્રભૂમિ અંતિમધામનું સંચાલન જુસિકાને સોંપવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૭

નગરના છેવાડે આવેલા સરગાસણ ખાતે તાજેતરમાં શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા રૂદ્રભૂમિ અંતિમધામનું નિર્માણ કરવામાં આવ્યુ છે. જેનું સંચાલન શહેરની અગ્રગણ્ય સંસ્થા જુનિયર સિટિજન કાઉન્સિલને સોંપવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં વસ્તીને ધ્યાને રાખીને ગુડા દ્વારા તાજેતરમાં સરગાસણ ખાતે રૂદ્રભૂમિ અંતિમ વિસામોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું લોકાર્પણ ગઈ ૨૭ના રોજ કરવામાં આવ્યું હતું.

રૂદ્રભૂમિ અંતિમ વિસામાનું સંચાલન આજરોજથી જુનિયર સિટિજન કાઉન્સિલ ગાંધીનગર કરશે. ત્યારે સંસ્થાએ જણાવ્યું છે કે આજુબાજુની જનતા પોતાના સ્વજનોના મૃત્યુ સમયે આ સ્મશાનનો ઉપયોગ કરી શકશે. તેમ સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## મફત બોડી ચેક અપ કેમ્પ

યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બોડી ચેક અપ કેમ્પ તા. ૯ માર્ચ, રવિવાર, સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન મહુડી મંદિર હોલ, સેક્ટર-૨-સી ખાતે યોજવામાં આવશે. નિઃશુલ્ક કેમ્પમાં ફીઝીયોથેરાપી, ડેન્ટલ અને આયુર્વેદને લગતી ચિકિત્સા કરવામાં આવશે. નગરજનોને લાભ લેવા જણાવ્યું છે.

## વિશ્વમાનવી કવયિત્રી મુશાયરો

આજરોજ વિશ્વ મહિલા દિવસ નિમિત્તે વિશ્વ માનવી દ્વારા કવયિત્રી મુશાયરો સાંજે ૬.૦૦ કલાકે ઉપવન રવેશ (ગાર્ડન ગેલેરી) આઈએએ પોઝિટિવ મિડિયા પ્રા.લિ. ખાતે યોજાશે. કાર્યક્રમમાં ખ્યાતનામ કવિયત્રીઓ ઉષા ઉપાધ્યાય, મિનાક્ષી ચંદારાણા, દક્ષા પટેલ, પ્રજ્ઞા પટેલ, ભાર્ગવી પંડ્યા અને લતા હિરાણી પોતાની રચનાઓ રજૂ કરશે.

## ચિલોડા ગામની યુવતી પાંચ દિવસથી લાપતા

ગાંધીનગર, તા.૭


ગાંધીનગર નજીક ચિલોડા મોટા ખાતે દહેગામ રોડ પુનમ બંગ્લોઝની બાજુમાં રહેતી જલ્પા કિરીટભાઈ પટેલ ૨જી માર્ચે રાત્રે ૧૨ થી ૪ના સમયગાળા દરમિયાન પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ચાલી ગઈ હતી. આજ દિન સુધી તે ઘરે પરત ફરી નથી. યુવતીના પિતાની અરજીને આધારે ચિલોડા પોલીસે જાણવા જોગ નોંધીને તેણીની શોધખોળ શરુ કરી છે.

## સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ અને સમસ્ત લેઉવા પટેલ સમાજના યુવક-યુવતીઓ માટે વેવિશાળ પસંદગી સમારંભનું આયોજન

અમદાવાદ, તા.૭

વૈચારિક અભિયાન દ્વારા જનજાગૃતિનું કાર્ય કરતી સંસ્થા 'લોકસેવા ટ્રસ્ટ' દ્વારા આગામી મે માસના પ્રથમ વીકમાં ગુજરાતભરના લેઉવા પટેલ સમાજના લગ્નોત્સુક યુવક યુવતીઓ માટે અમદાવાદ ખાતે પસંદગી મેળાનું આયોજન કરવામાં આવનાર છે. લોકસેવા ટ્રસ્ટ પટેલ સમાજના વિવિધ ઘટકના સહયોગથી સમાજની આ મૂળભૂત સમસ્યા માટે મદદરૂપ થવા આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરતું રહે છે. ગુજરાત કક્ષાના આ ૯મા પસંદગી સમારંભમાં ગુજરાતભરના કોઈ પણ લેઉવા પટેલ સમાજના દીકરા-દીકરીઓ ભાગ લઈ શકે છે.

લોકસેવા ટ્રસ્ટના મેને. ટ્રસ્ટીશ્રી ભીમજીભાઈ નાકરાણી અને કન્વીનર શ્રી કાન્તિભાઈ ગઢીયાએ જણાવ્યું હતું કે ભારતભરમાં 'વેવિશાળ' એ મા-બાપ માટે ખૂબ જ જટિલ પ્રશ્ન છે. અને તેમાં પણ 'યોગ્ય પાત્ર' મેળવવાનું કામ ઘણું અઘરુ છે. હજુ પણ ગોળપ્રથા, જિલ્લા અને પ્રદેશવાદના સીમાડા તૂટયા નથી. આ કારણે પટેલ પરિવારના ઓછું ભણેલા કે ગ્રામ્ય વિસ્તારમાં વસતા યુવાનો માટે દીકરીઓ મેળવવી મુશ્કેલ છે. ગામડાના મા-બાપ હોય કે શહેરમાં વસતા પેરેન્ટસ, દરેકે પોતાની ઓછુ કે વધુ ભણેલી દીકરી કે દીકરા માટે આવા પસંદગી સમારંભમાં જોડાવું જરુરી છે. રૂઢિગતતા છોડીને સૌ કોઈ યુવક-યુવતી આ સમારંભના માધ્યમથી વેવિશાળ પસંદગીની મુશ્કેલીમાં મદદરૂપ થાય તે જરુરી છે. જે યુવક-યુવતીઓ પસંદગી મેળામાં જોડાવા ઈચ્છતા હોય તેમણે પાસપોર્ટ સાઈઝ ફોટા સાથેનો તેમનો સંપૂર્ણ બાયોડેટા 'લોકસેવા ટ્રસ્ટ' ૩, સંગાથ એપાર્ટમેન્ટ, એસબીઆઈના ખાંચામાં, સ્ટેડીયમ પાંચ રસ્તા પાસે, સી.જી. રોડ, અમદાવાદ ખાતે મોકલવાનો રહે છે. આ માટેની વધુ વિગત માટે ૯૭૨૩૩ ૩૬૪૮૨ ઉપર સંપર્ક કરવા પણ જણાવાયું છે.



નગરમાં રખડતા ઢોર વિશે અવાર-નવાર ફરિયાદો થાય છે, પણ કોઈ હલ થતો નથી. આ રખડતા ઢોર જ્યારે મૃત્યુ પામે ત્યારે સ્થાનિક રહીશો માટે શીરદર્દ બની જાય છે. (તસવીર : કશ્યપ નિમાવત)

# ચૂંટણી પ્રચાર માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવા નિયમો

ગાંધીનગર, તા. ૭

ભારતના ચૂંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૪ યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ ૩૪- દહેગામ, ૩૫- ગાંધીનગર (દક્ષિણ), ૩૬- ગાંધીનગર (ઉત્તર), ૩૭- માણસા અને ૩૮- કલોલ વિધાનસભા મતદાર વિભાગની લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૪ યોજાનાર છે. તે રીતે ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવાની તા. ૦૨/૦૪/ ૨૦૧૪, મતદાનની તા. ૩૦/૦૪/ ૨૦૧૪, મત ગણતરીની તા. ૧૬/ ૦૫/૨૦૧૪ અને ચૂંટણી -ક્રિયા પૂરી કરવાની છેલ્લી તારીખ ૨૮/ ૦૫/૨૦૧૪ મુજબ કાર્યક્રમ જાહેર થયેલ છે.ચૂંટણી -ક્રિયા દરમ્યાન રાજકીય પક્ષો ઉમેદવારો અને તેના કાર્યકર્તાઓ, અપક્ષ ઉમેદવારો, ચૂંટણી એજન્ટો,સમર્થકો, ચૂંટણી -ચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરનો ઉપયોગ મોટા પાયે કરે છે. -ચાર માટે ઉંચા અવાજે લાઉડ સ્પીકરોના ઉપયોગના કારણે ખુબજ ધ્વનિ -દૂષણ પેદા થાય છે. અને આમ જનતાની શાંતિમાં ખલેલ પહોંચે છે. જેથી ચૂંટણી -ક્રિયા દરમ્યાન બેંફામ અને મનસ્વી રીતે લાઉડ સ્પીકર વગાડવા ઉપર જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા -તિબંધ મુકવામાં આવેલ છે. ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ - ૩૩(૧) આર(૩) થી ગાંધીનગર જિલ્લાના સમગ્ર વિસ્તારમાં નીચે મુજબના -તિબંધાત્મક આદેશ કરવામાં આવ્યા છે.

(૧) કોઈપણ -કારના લાઉડ સ્પીકરનો ઉપયોગ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવીને સવારના ૬.૦૦ કલાક થી રાતના ૧૦.૦૦ કલાક સુધી જ થઈ શકશે.

(૨) ચૂંટણી -ચાર માટે જાહેર મંચ ઉપર અથવા મોટર વ્હીકલ એકટ હેઠળના સક્ષમ અધિકારીશ્રીની નિયમોનુસારની પરવાનગી મેળવ્યા સિવાય કોઈપણ -કારના વાહન પર ચૂંટણી -ચાર અર્થે કોઈપણ -કારના લાઉડ સ્પીકર મુકી શકાશે નહીં અને આવી પરવાનગી મેળવેલ વાહનો દ્વારા લાઉડ સ્પીકરના ઉપયોગ માટે સબંધિત ચૂંટણી અધિકારીશ્રી/ મદદનીશ ચૂંટણી અધિકારીશ્રી પાસે નિયત નમુનામાં અરજી કરીને વાહન પરમીટ -થમ લેવાની રહેશે તથા વાહન પરમીટના હુકમમાં જણાવેલ તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) કોઈપણ -કારના લાઉડસ્પીકરના ઉપયોગ માટે પરવાનગી/ પરમીટ મેળવ્યા પછી તેનો ઉપયોગ કરનારે તે વિસ્તારના પોલીસ મથકને અને સબંધીત મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રીને તથા મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીને ઉપયોગ કરતા પહેલાં લેખિતમાં જાણ કરવાની રહેશે.

(૪) લેખિત પરવાનગી વગર કોઈપણ -કારના લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવામાં આવશે તો, ઉપયોગમાં લેવાયેલ લાઉડ સ્પીકર તથા ઉપયોગ લાઉડ સ્પીકર મુકવા માટે ઉપયોગમાં લેવાયેલ તમામ સાધન કે ઉપકરણો જપ્ત કરવામાં આવશે.

(૫) કોઈપણ મતદાન વિસ્તારમાં મતદાન સમાપ્ત કરવા માટે નિયત કરવામાં આવેલ સમયના ૪૮ કલાક પહેલાના સમયગાળા દરમ્યાન કોઈપણ -કારના લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહિં.

આ હુકમનો ભંગ કરનાર, ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમનો અમલ સમગ્ર ચૂંટણી -ક્રિયા પૂરી થાય ત્યાં સુધી કરવાનો રહેશે

## ગુજરાત યુવા મોરચાનો રણટંકાર 'બુથ ચલો' કાર્યક્રમ દ્વારા તમામ બુથનો કરશે સંપર્ક

ગાંધીનગર, તા. ૭

ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી હિતેશ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ગાંધીનગર ખાતે પ્રદેશ યુવા મોરચાની બેઠક પ્રદેશ અધ્યક્ષ શ્રી પ્રદિપસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં મળી હતી. આ બેઠકમાં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભિખુભાઈ દલસાણિયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

આજની બેઠકમાં આગામી લોકસભાની ચૂંટણીની તૈયારીરૂપે આગામી દિવસોમાં યુવા મોરચો 'બુથ ચલો' અભિયાન અંતર્ગત ગુજરાતના તમામ બુથોમાં જઈને મતદારોનો સંપર્ક કરશે અને ગુજરાત ભાજપા સરકારની સિદ્ધિઓનો પ્રચાર કરવામાં આવશે અને કેન્દ્રની કોંગ્રેસ સરકાર સુશાસન આપવામાં નિષ્ફળ નિવડી છે તથા ગુજરાતને થતા અન્યાય અંગેની વિગતવાર માહિતી મતદાર સુધી પહોંચાડવાનું કામ યુવા મોરચાના કાર્યકર્તાઓ કરશે.

આ કાર્યક્રમ દરમ્યાન 'વન બુથ-ટેન યુથ'ની રચના કરવામાં આવશે સાથે નવા બનેલા મતદારોનો સંપર્ક કરીને ભાજપામાં જોડાવામાં આવશે. આ ઉપરાંત ૨૩ માર્ચ શહીદ દિન નિમિત્તે જીલ્લા/મહાનગરોમાં મંડલ દીઠ સાંજે ૭.૦૦ કલાકે મશાલ રેલી નિકાળીને તથા શહીદોને પુષ્પાંજલિનો કાર્યક્રમ કરવામાં આવશે. ત્યારબાદ ૧૫ થી ૨૫ એપ્રિલ દરમ્યાન વિધાનસભા દીઠ 'નવો યુવા મતદાર સંમેલન' કરવામાં આવશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮
સૂર્યાસ્ત : ૬.૪૨

## તાપમાન

મહત્તમ : ૩૩.૩ ડિ.સે.
લઘુત્તમ : ૧૭.૬ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૪ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦
રાઈસ ઑફ એન એમ્પાયર : ૬.૧૦, ૮.૩૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૨ :
શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦,૩.૧૦, ૬.૪૦,૯.૪૦

: સ્ક્રીન-૩ :
હાઈવે : ૧૦.૫૫, ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦
ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :
શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્ક્રીન-૨ :
ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦,૧૦.૦૦
ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :
રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ગુન્ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫
રાઈસ ઑફ એન એમ્પાર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
અનુરાધા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦
ગુન્ડે : ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કૌટુંબિક જીવનમાં તનાવ રહી શકે છે. પ્રબળ આત્મવિશ્વાસ અને દઢ નિશ્ચયથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે.

**સિંહ** : વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : નાણાં રોકાણથી લાભ થવાની સંભાવના છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.